णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

# દેવદ્રવ્ય અને જિનપૂજા

મુનિ અભયશેખર વિજય ગણી

: પ્રકાશક :

શાહ કાન્તિલાલ છગનલાલ (K.C.)

દોશી રમેશચંદ્ર અમૃતલાલ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# દેવદ્રવ્ય અને જિનપૂજા


લેખક

શ્રી પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત-

જયશેખરસૂરીશ્વરશિષ્યાણુ

મુનિ અભયશેખર વિજયગણી.


સંશોધક

ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવેશ

શ્રીમદ્‌વિજય જયઘોષસૂ.મ.સા.


: પ્રકાશક :

(૧) શાહ કાન્તિલાલ છગનલાલ (K.C.)

૧૧૧, બાલુભાઈ નિવાસ,

મલાડ (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૯૭

(૨) દોશી રમેશચંદ્ર અમૃતલાલ

૯, જિજ્ઞેશ એપાર્ટમેન્ટ, સાઈનાથ રોડ,

મલાડ (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૬૪

મૂલ્ય : રૂા. ૩/-

પ્રકાશન-વિ. સં. ૨૦૫૧

પૂજ્યપાદ પંન્યાસ પ્રવર **શ્રી ચન્દ્રશેખર વિજયજીગણિવરે,** શ્રમણોપાસક યુવાનો શ્રી પર્યુષણપર્વાધિરાજની આરાધના કરાવવા જાય ત્યારે એમની સમક્ષ ઊઠતા પ્રશ્નોના ઉચિત ઉત્તરો આપી શકે એ માટે, શાસ્ત્રાધાર પૂર્વક રજુઆત કરતું 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તક લખ્યું, જે સ્વસ્તિક ગ્રન્થમાળાના અન્વયે પ્રકાશિત થયેલું છે.

આ પુસ્તકમાં કરેલી શાસ્ત્રાનુસારી પ્રરૂપણા કેટલાકને રુચતી ન હોવાથી તેઓ, શાસનની ભારે અવહેલના થાય એ રીતે અખબારો વગેરેનો આશરો લઈ આડેધડ નિવેદનો આપે છે-ને વિરોધ કરે છે. જો કે આ પુસ્તકમાં આપેલા શાસ્ત્રપાઠના અર્થઘટન વગેરેનું શાસ્ત્રાધાર ને યુક્તિપૂર્વક ખંડન તેઓ કરી શક્યા નથી-કરી શકતા નથી. વળી, બધા જ કાંઈ આ વિસ્તૃત પુસ્તક વાંચવાની અનુકૂળતા ધરાવતા હોતા નથી. એટલે સામાપક્ષના ભ્રામક પ્રચારથી તેઓ ભ્રમણામાં ન મૂકાઈ જાય એ માટે આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે, આ પુસ્તિકા કદમાં નાની હોવા છતાં, દરેક સુજ્ઞ મધ્યસ્થ વાંચકને શાસ્ત્રાનુસારિતા કયા પક્ષે છે એનો નિર્ણય કરાવવામાં અચૂક ઉપયોગી બનશે જ એવી શ્રદ્ધા છે.

પુસ્તિકાનું લખાણ કરી આપનાર પૂ. મુનિરાજ શ્રી અભયશેખર વિજયગણિવરના ચરણોમાં વંદન....

**લિ.**

**શાહ કાન્તિલાલ છગનલાલ (K.C.)**

**દોશી રમેશચંદ્ર અમૃતલાલ**

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः
तस्मै श्री गुरवे नमः
ऐं नमः

# દેવદ્રવ્ય અને જિનપૂજા

**પ્રશ્ન : શું દેવદ્રવ્યનો ઉપયોગ જિનપૂજા વગેરેમાં થઈ શકે ? અને તેમ કરનારને દેવદ્રવ્યભક્ષણનું પાપ લાગે ?**

**ઉત્તર : શ્રાદ્ધવિધિમાં** આ પ્રમાણે શાસ્ત્રપાઠ છે (પૃ.૭૪)-
सति हि देवद्रव्ये प्रत्यहं चैत्यसमारचन-महापूजा-सत्कारसंभवः।
**અર્થ**-દેવદ્રવ્ય હોય તો દરરોજ ચૈત્યસમારચન (સમારકામ), મહાપૂજા-સત્કાર વગેરે શક્ય બને.

આ પાઠમાં દેવદ્રવ્ય હોય તો મહાપૂજા વગેરે થઈ શકે એવું જે જણાવ્યું છે તેનાથી સ્પષ્ટ જણાય છે કે દેવદ્રવ્યનો ઉપયોગ પૂજા વગેરેમાં થઈ શકે છે. વળી દેરાસરના સમારકામની સાથે જ આ વાત કરી હોવાથી દેવદ્રવ્યનો પૂજા વગેરેમાં ઉપયોગ થાય એ પણ ઉત્સર્ગે જ છે, અપવાદે નહીં એ પણ જણાય છે. આવો જ પાઠ દ્રવ્યસપ્તતિકા, શ્રાદ્ધદિનકૃત્ય, ધર્મસંગ્રહ વગેરે અનેક ગ્રન્થોમાં છે. તથા દર્શનશુદ્ધિપ્રકરણમાં નીચે મુજબનો અધિકાર છે–

तथा तेन पूजामहोत्सवादिषु श्रावकैः क्रियमाणेषु ज्ञानदर्शनचारित्रगुणाश्च दीप्यन्ते ।

**અર્થ :** તથા તેના વડે (દેવદ્રવ્ય વડે) શ્રાવકોથી કરાતાં પૂજા મહોત્સવ વગેરેથી જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો દીપી ઊઠે છે.

શ્રાદ્ધદિનકૃત્ય વગેરેમાં આવો પણ પાઠ મળે છે-

चैत्यद्रव्यस्य जिनभवनबिम्बयात्रास्नात्रादिप्रवृत्ति-हेतोर्हिरण्यादेर्वृद्धिः कर्तुमुचिता ।

**અર્થ** : જિનભવન-જિનબિંબની (અષ્ટાહ્નિકાદિ) યાત્રા-સ્નાત્ર વગેરે પ્રવૃત્તિઓમાં કારણભૂત સુવર્ણ વગેરે રૂપ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી ઉચિત છે.

ખુદ સ્વ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરિ મહારાજ પણ વર્ષો પૂર્વે **વિચારસમીક્ષા** નામના પુસ્તકમાં પૃ. ૯૭ પર આ પ્રમાણે લખી ચૂક્યા છે કે-

"શ્રી જિનેશ્વરદેવના સ્થાપના નિક્ષેપાને (મૂર્તિને) માનનારને જિનચૈત્યની, **તેની પૂજાની,** તે માટે જરૂરી ઉપકરણોની અને તેમાં ખામી ન આવે તે **ખાતર દેવદ્રવ્યની વૃદ્ધિની** અને તેના સંરક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે."

શ્રી જૈન શાસ્ત્રોમાં પૂર્વાપર વિરોધ સંભવતો નથી. એટલે જ્યારે અનેક શાસ્ત્રકારોએ દેવદ્રવ્યનો ઉપયોગ જિનપૂજા વગેરેમાં થઈ શકવાનું જણાવ્યું છે ત્યારે એ જ શાસ્ત્રોમાં, દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને દેવદ્રવ્યના ભક્ષણનો-દેવદ્રવ્યના નાશનો દોષ લાગે એવું જણાવનાર શાસ્ત્રપાઠ હોય જ નહીં એ નિશ્ચિત છે. એટલે જ ચાલુ સાલે (વિ.સં. ૨૦૫૧) ચૈ. સુ. ૧૦ ના દિવસે મુંબઈ વાલકેશ્વરમાં ચન્દનબાળા ઉપાશ્રયમાં પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરિ મ. વગેરે સાથે થયેલી સાડા ત્રણ કલાકની ચર્ચામાં પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજય મહારાજ વગેરેએ "દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે." એવું દર્શાવનાર શાસ્ત્રપાઠ વારંવાર માગવા છતાં પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરિ મ. વગેરે કોઈ એ શાસ્ત્રપાઠ આપી શક્યા ન હતા. અરે ! 'અમુક શાસ્ત્રમાં આવું કંઈક વાંચ્યાનો ખ્યાલ છે' આ રીતે અસ્પષ્ટ અણસાર પણ આપી શક્યા

ન હતા......એટલે સુજ્ઞજનોને તો સ્પષ્ટ ખ્યાલ આવી ગયેલો કે આજ સુધી જે કાંઈ જોરશોરથી વિરોધ તેઓ કરે છે તે 'શાસ્ત્રોમાં એવું કંઈક જોયું-વાંચ્યું છે ને તેથી શાસ્ત્રાધારપૂર્વક કરે છે' એવું નથી, પણ સાવ શાસ્ત્રાધાર રહિતપણે જ કરે છે. શાસ્ત્રસિદ્ધ વાતોના વિરોધનો પણ જોરશોરથી ગોબેલ્સ પ્રચાર કરવો-અજૈનોને પણ જૈનશાસન પ્રત્યે દુર્ભાવ જાગે ને ઘોર શાસનહીલના થાય એ રીતે છાપાઓમાં મસમોટી જાહેર ખબરો આપવી.....ને શાસ્ત્રાધાર પૂછતાં કશો આધાર બતાવી ન શકવો......આ બધું શા માટે ? એ ચકોર પુરુષો તો સહેજમાં સમજી પણ શકે છે.

વળી, એટલે જ સ્વ. પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરિ મહારાજને પણ છેલ્લા વર્ષોમાં કેટલીય વાર "દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે ? એનો અને એવું કરનારને શું પ્રાયશ્ચિત્ત આપવું ? કયા શાસ્ત્રપાઠના આધારે ?" આ પૂછાયું હોવા છતાં તેઓ ક્યારેય આનો જવાબ આપી શક્યા નહોતા. પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરિમહારાજે થોડા દિવસ બાદ જે ૩૯ શાસ્ત્રપાઠો મોકલ્યા છે એમાંનો એક પણ પાઠ 'દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે' વગેરે સિદ્ધ કરી શકતો નથી. હજુ પણ તેઓને જાહેર આહ્વાન છે કે આવું જણાવનાર કોઈપણ શાસ્ત્રપાઠ હોય તો તેઓ એના સ્પષ્ટ સરળ અનુવાદ સાથે જાહેર કરી એનો પ્રચાર કરે. અનુવાદની જરૂર એટલા માટે છે કે લોકોને પણ ખબર પડે કે ખરેખર આમાં 'દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્ય ભક્ષણનું પાપ લાગે છે, એવું જણાવતો કોઈ પાઠ છે ખરો ? અનુવાદ સાથે પાઠ આપવાનું કહેવામાં આવે ત્યારે ગભરાઈને તેઓ એવો સવાલ કરે છે કે શું સાધુઓ સંસ્કૃત ભણેલા નથી ? અનુવાદની શું જરૂર છે ? પણ

ભાઈ ! શ્રાવકોને સત્યની જાણ થાય એ માટે જ મોકલેલા પાઠના ગુજરાતી અનુવાદ કરવાની જરૂર છે. પણ, તેઓ આમ કરતા નથી, કારણ કે મનમાં તેઓ પણ સમજે છે કે મોકલેલા કોઈ પાઠમાં ભક્ષણના દોષની તો વાત જ નથી અને અનુવાદ કરવામાં ઘરનું કાંઈ ઉમેરવા જઈએ તો પકડાઈ જવાય. માટે જ તેઓ અનુવાદ સાથે શાસ્ત્રપાઠ જાહેરમાં મૂકતાં નથી.

વાસ્તવમાં એમની પાસે દેવદ્રવ્યમાંથી પૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનું પાપ લાગે એવું જણાવતો કોઈ પાઠ જ નથી એટલા જ માટે એ લોકો પાઠ આપવાને બદલે સામે એવો સવાલ ફેંકે છે કે 'દેવદ્રવ્યમાંથી પૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો દોષ ન લાગે એવો પાઠ તમે આપો ને !...' અમે તો દેવદ્રવ્યમાંથી પૂજાદિ થઈ શકવાના ઘણા પાઠો (અનુવાદ સાથે) રજુ કર્યા છે એ જ બતાવે છે કે જો એમાં ભક્ષણનું પાપ હોય તો પછી આટલા બધા શાસ્ત્રકાર ભગવંતો દેવદ્રવ્યમાંથી પૂજાદિ થઈ શકે છે એવું જણાવે જ નહીં. શાસ્ત્રકાર ભગવંતોએ દેવદ્રવ્યમાંથી પણ પૂજા થઈ શકે તેવું જણાવ્યું છે. તેથી અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે દેવદ્રવ્યમાંથી પૂજા કરવામાં દેવદ્રવ્યભક્ષણનો દોષ નથી.

આવો કોઈ શાસ્ત્રપાઠ નથી મળતો એટલે જ સામો પક્ષ જે જાહેર નિવેદનો વગેરે દ્વારા વિરોધ ચલાવી રહ્યો છે એમાં ક્યાંય કોઈ શાસ્ત્રપાઠ જોવા મળતો નથી, ને માત્ર શ્રદ્ધાળુવર્ગ ભ્રમણાઓમાં અટવાય એવાં નિવેદનો કે પ્રશ્નો હોય છે.

**પ્રશ્ન : શ્રાદ્ધવિધિ અને દ્રવ્યસપ્તતિકામાં "देवगृहे देवपूजापि स्वद्रव्येणैव यथाशक्ति कार्या" એવો પાઠ દેરાસરમાં જિનપૂજા સ્વદ્રવ્યથી જ યથાશક્તિ કરવી જોઈએ એમ સ્પષ્ટ જણાવે જ છે ને ?**

**ઉત્તર :** સામો પક્ષ આટલા પાઠને ખૂબ પ્રચારે છે એટલે મુગ્ધલોકોને ભ્રમણા ઊભી થાય ખરી, પણ સુજ્ઞજનોએ સામાપક્ષને પૂછવું જોઈએ કે આ પાઠ જેમાં આવે છે એ આખો અધિકાર તો નહીં; પણ એ આખું વાક્ય પણ તમે કેમ જાહેર કરતા નથી ? ને એક આખા વાક્યનો એક અંશ જ કેમ લોકો આગળ ધર્યા કરો છો ?

દ્રવ્યસપ્તતિકા વગેરેમાં આ વાક્ય ગૃહમંદિરવાળા શ્રાવકના અધિકારમાં આવે છે. એટલે 'આ વાક્ય ગૃહમંદિરવાળા શ્રાવકના અધિકારમાં આવે છે' એવું બધા જાણી ન જાય એ માટે જ શું અધુરો પાઠ રજુ કર્યા કરાય છે ?

દ્રવ્યસપ્તતિકાના એ અધિકારના પાઠના આવશ્યક અંશો-

*स्वगृहचैत्यढोकितचोक्षपूगीफलनैवेद्यादिविक्रयोत्थं पुष्पभोगादि स्वगृहचैत्ये न व्यापार्यं, नापि चैत्ये स्वयमारोप्यं, किन्तु सम्यक्स्वरूपमुक्त्वाऽर्चकादेः पार्श्वात् तद्योगाभावे सर्वेषां स्फुटं स्वरूपमुक्त्वा स्वयमारोपयेत् । अन्यथा मुधाजनप्रशंसादिदोषः ।

*गृहचैत्यनैवेद्यादि चारामिकस्य प्रागुक्तमासदेयस्थाने नार्प्यम् । स्वधनार्पणसामर्थ्याभावे च आदावेव नैवेद्यार्पणेन मासदेयोक्तौ तु न दोषः ।

દ્રવ્યસપ્તતિકાના આ અધિકારમાં મુખ્ય આ બાબતો આવે છે–

(૧) પોતાના ગૃહમંદિરમાં ધરેલા ચોખા, સોપારી, નૈવેદ્યના વેચાણથી પ્રાપ્ત થયેલ પુષ્પભોગ વગેરેને પોતના ગૃહચૈત્યમાં ન વાપરવાં, તેમજ બીજા (સંઘના) દેરાસરે આવીને પણ પોતાની મેળે અ ન ચડાવવાં, પણ તેની વ્યવસ્થા જણાવીને દેરાસરના પૂજારી વગેરે પાસે ચડાવરાવવું. જો એમ બની શકે તેમ ન

હોય તો બધાની આગળ 'આ ગૃહમંદિરમાં ચડાવેલ ચીજમાંથી પ્રાપ્ત થયેલ પુષ્પભોગ વગેરે છે, મારા પોતાના નવા દ્રવ્યથી લાવેલ પુષ્પભોગ નથી' ઇત્યાદિ સ્પષ્ટ રીતે જણાવીને પોતાના હાથે ચડાવવું. આવું જણાવે નહીં તો, ''આ શ્રાવક કેવા ભક્તિવાળા છે, પોતાના ઘરદેરાસરમાં તો સુંદર પ્રભુભક્તિ કરે છે, અહીં પણ સ્વદ્રવ્યનો કેટલો બધો સદ્વ્યય કરીને પ્રભુની સુંદર ભક્તિ કરે છે.'' વગેરે રૂપે ખોટી પ્રશંસા થવી વગેરે દોષ લાગે.

જો દેવદ્રવ્ય બનેલી ચીજથી પૂજા કરવામાં દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગતો હોત તો કહેલી રીતે લોકમાં જાહેરાત કરવા છતાં પણ એ ચીજ દેવદ્રવ્ય મટી જતી ન હોવાથી, દેવદ્રવ્યભક્ષણનો દોષ ઊભો જ રહેત. અને તો પછી, તેવી જાહેરાત કરીને પણ એ ચીજ ભગવાનને ચડાવવાની શાસ્ત્રકાર અનુજ્ઞા ન આપત.

સંઘમંદિરમાં જ્યાં સંઘ દ્વારા જ યોગ્ય રીતે દેવદ્રવ્યમાંથી કેસર-સુખડ વગેરેની વ્યવસ્થા થઈ હોય ત્યાં કોઈ શ્રાવક એ કેસર-સુખડ વગેરેથી પ્રભુપૂજા કરે તો ત્યાં સંઘ જાણતો જ હોય છે કે આ કેસર-સુખડ વગેરે દેવદ્રવ્યનું છે, એ શ્રાવકનું પોતાનું નથી. તેથી એની વૃથા પ્રશંસા થવાના દોષની સંભાવના રહેતી નથી. તો જેમ ગૃહમંદિરવાળા શ્રાવકને આ દોષ ન રહે એ રીતે પૂજા કરવાની અનુજ્ઞા છે એમ અન્યશ્રાવકને પણ શા માટે નહીં ?

(૨) ગૃહમંદિરવાળા શ્રાવકે માળીને પુષ્પની કિંમત તરીકે સ્વદ્રવ્ય ચૂકવવું જોઈએ. પણ જો એટલું સ્વદ્રવ્ય આપવાનું સામર્થ્ય ન હોય ને પહેલેથી જ નિશ્ચિત કરેલું હોય તો દેરાસરમાં ચડેલા ફળ-નૈવેદ્ય વગેરે આપીને એના બદલામાં પુષ્પ લઈ શકે. આ રીતે આવેલા પુષ્પ દેવદ્રવ્યથી જ આવેલા છે એ સ્પષ્ટ છે. એટલે

અશક્ત શ્રાવકને તો "દેવદ્રવ્યથી પૂજા કરવાની અનુજ્ઞા આ પાઠથી મળી જ રહે છે. ને તેથી સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ એ વાત ગૃહમંદિરવાળા શ્રાવક માટે પણ ઊભી રહી શકતી નથી." (૩) પોતાના શરીર-ઘર-પરિવાર વગેરે માટે હજારો રૂપિયા ખર્ચનાર શ્રાવક જો જિનપૂજાના અવસરે કૃપણતા દાખવે-ના, હું મારું દ્રવ્ય ન ખર્ચું-તો એને શ્રીજિનેશ્વર દેવ પ્રત્યે એટલો આદર વગેરે નથી એ સ્પષ્ટ છે. માટે અવજ્ઞા-અનાદર-કૃપણતા વગેરેનો દોષ લાગવા છતાં ય સામો પક્ષ જે દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગતો હોવાનું કહે છે તે તો નથી જ એ જાણવું. શ્રાવકને આ અનાદર વગેરેનો દોષ ન લાગે એ માટે જ, એને જ્યારે પૂજાનો ઉપદેશ આપવાનો હોય ત્યારે આ ક્રમ જોઈએ-

પ્રથમ નંબરે-સ્વદ્રવ્યથી જિનપૂજા કરવી જ જોઈએ....એ શક્ય ન બને તો, સંઘકૃતવ્યવસ્થાના દ્રવ્યથી (પરદ્રવ્યથી) પણ જિનપૂજા કરવી જ જોઈએ......એ પણ શક્ય ન બને તો, જેટલી આવશ્યકતા રહે એટલી દેવદ્રવ્યથી પૂર્તિ કરીને પણ પ્રભુભક્તિ તો કરવી જ જોઈએ.....

સંપન્ન શ્રાવક માટે સ્વદ્રવ્યથી જિનપૂજા કરવી અશક્ય નથી. છતાં, ભારે લોભોદય-કૃપણતાના કારણે એનો સ્વદ્રવ્ય લગાવવાનો ઉલ્લાસ ન થાય, ને પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી સંપાદિત સામગ્રીથી પૂજા કરવાનો પ્રસંગ આવે તો, ગીતાર્થ પુરુષો, તારે પૂજા જ ન કરવી એમ નિષેધતા નથી. બેશક, એમાં કૃપણતા-અનાદર વગેરેનો દોષ રહેલો છે, છતાં એ દોષ, એ શ્રાવક પ્રભુભક્તિ જ ન કરે એના દોષ કરતાં મોટો નથી....વળી આ રીતે પરદ્રવ્યાદિથી પ્રભુભક્તિ કરતાં કરતાં એ ભવોલ્લાસ અનુભવે-પોતાની કૃપણતા ડંખે....એટલે એ પ્રભુભક્તિમાં જ એવી તાકાત

છે કે એની કૃપણતાને તોડશે. એને પ્રભુભક્તિ કરતો જ અટકાવી દેવામાં આવે તો તો કૃપણતા વગેરેને તોડનાર એક પ્રબળ સાધનાથી એને વંચિત જ કરી દેવાનું થાય. ગીતાર્થ શાસ્ત્રકારોને આવું કોઈ રીતે માન્ય હોય ન શકે.

**શંકા**- પણ પરદ્રવ્યથી ભક્તિ કરે એને ભાવોલ્લાસ શું આવે ?

**સમાધાન**-પરદ્રવ્યથી ઉલ્લાસ ન જ આવે એવો કોઈ કાયદો નથી. રાજાની બે બાજુ ચામર ઢાળનાર વ્યક્તિ કાંઈ સ્વદ્રવ્યના ચામર નથી ઢાળતા. રાજાંના જ ચામર લઈને રાજાની બન્ને બાજુએ ઢાળવા છતાં પણ રાજા પ્રત્યેનો આદર પ્રીતિ-ભાવોલ્લાસ ન જ હોય એવું નથી. ક્યારેક તો એવી પ્રીતિ પેદા થાય કે અવસરે રાજા માટે જાનફેસાની પણ કરી દે.

શ્રી મૂલશુદ્ધિ પ્રકરણમાં દ્રોણકાખ્યાનમાં આવે છે કે ચાર મિત્રો પોતાના ભોજનદ્રવ્ય વડે પોતાના નોકર દ્રોણકને સાધુઓને ભિક્ષાદાન આપવા જણાવે છે. ત્યારે દ્રોણક અત્યંત ભક્તિ-શ્રદ્ધા ભરપૂર દિલે રોમાંચિત થઈને વ્હોરાવે છે જેના પ્રભાવે એ કુરુદેશમાં કુરુચંદ્ર નામે રાજકુમાર થઈ ક્રમશઃ મોક્ષે જશે.

પોતાના ખર્ચે તીર્થયાત્રા કરી ન શકનારા શ્રાવકને અન્ય કોઈ સંપન્ન શ્રાવક યાત્રા કરાવે તો નિર્ધન શ્રાવક ખૂબ જ હર્ષથી તીર્થયાત્રા કરે છે. એમ કોઈ સંપન્ન શ્રાવક ગિરિરાજ પર દાદાની પૂજાનું ઘી બોલીને નિર્ધન શ્રાવકને પ્રથમ પૂજા કરવાનો લાભ આપે ત્યારે એના પ્રભુભક્તિના ભાવોલ્લાસમાં ખૂબ ઉછાળા આવે છે એવું જોવા શું નથી મળતું ? અન્યના દ્રવ્યથી ભક્તિ વગેરે કરવામાં ભાવોલ્લાસ ન જ પ્રગટે અને તેથી કશું ફળ ન જ મળે એવો કાયદો હોત તો છ'રી પાલિત સંઘ વગેરે અનુષ્ઠાનો

વિહિતં જ ન હોત.

એટલે, શક્તિસંપન્ન હોવા છતાં જે પરદ્રવ્યથી ભક્તિ છે એને ભાવોલ્લાસ ન જ પ્રગટે એવું ન હોવાથી એવા શ્રાવ પણ જ્ઞાનીઓ પ્રભુભક્તિ માટે અનધિકારી ઠેરવી દેતા ન

**પ્રશ્ન : નિર્ધનશ્રાવક છેવટે દેવદ્રવ્યથી પણ પ્રભુભ કરે, એ તો શાસ્ત્રસિદ્ધ હોય શકે. પણ સંપન્ન શ્રાવક દેવદ્રવ્યથી પ્રભુભક્તિ કરી શકે એ વાત શી રીતે શાસ્ત્ર હોય શકે ?**

**ઉત્તર :** શ્રાદ્ધદિનકૃત્યમાં પુષ્પ ગુંથવાની જે વાત છે એમાં શ્રાવકનું અનૃદ્ધિપ્રાપ્તઃ (=નિર્ધન) એવું વિશેષણ વ છે. આ વિશેષણ શા માટે વાપર્યું છે ? કહી શકશો

'કેમ ? કોઈ સંપન્ન શ્રાવક પણ, કાજો કાઢી પુષ્પગ્રથનાદિ કરીને પ્રભુભક્તિનો સંતોષ ન માની લે એ માટે આ વિશેષણ છે. આમાં પૂછવા જેવું શું છે ?'

એનો અર્થ એ થયો કે જે વાત સંપન્ન શ્રાવકોને પાડવાની ન હોય ત્યાં આવું નિર્ધન વગેરે વિશેષણ વાપ હોય. અર્થાત્ જ્યાં આવું વિશેષણ વાપર્યું ન હોય ત્યાં એ સંપન્ન શ્રાવકોને લાગુ ન પડી શકે એમ ન કહી શકાય. દર્શનશુદ્ધિ પ્રકરણનો જે પાઠ આગળ આવી ગયો એમાં 'દેવ શ્રાવકો વડે કરાતા પૂજા-મહોત્સવ......' વગેરે જે વાત છે શ્રાવકનું નિર્ધન એવું વિશેષણ નથી વાપર્યું એ જ જણ કે એમાં નિર્ધન અને ધનવાન બન્ને પ્રકારના શ્રાવકો દેવદ્રવ્યથી કરાતી પૂજા વગેરેની વાત છે. ને સમ્યક્ત્વ શુદ્ધિ થવી કહી છે એનાથી ભાવોલ્લાસ પણ સૂચિત થા

આમાં એ પણ સમજવા જેવું છે કે સંપન્ન શ્ર

ભાવનાસંપન્ન બન્યા હોય ને તેથી સ્વદ્રવ્યને પ્રભુભક્તિમાં જોડવા ઉલ્લસિત પણ થયા હોય તો પણ એટલું જ દ્રવ્ય લગાવી પ્રભુભક્તિ કરવી...એવો નિયમ નથી. એ સામગ્રીમાં સંઘે કરેલી સમુચિત વ્યવસ્થા મુજબ દેવદ્રવ્યથી ઉપલબ્ધ સામગ્રી ઉમેરી આવશ્યક શ્રેષ્ઠ ભક્તિ તેઓ કરી જ શકે છે, ને કરવી જોઈએ. આ રીતે પ્રભુભક્તિમાં દેવદ્રવ્ય જોડવું શાસ્ત્રસિદ્ધ હોવા છતાં, 'નહીં, દેવદ્રવ્યથી તો પ્રભુભક્તિ ન જ થાય....' આવો આગ્રહ રાખવાના કારણે, પ્રચુર દેવદ્રવ્ય ઉપલબ્ધ હોવા છતાં પ્રભુભક્તિથી કેવા વંચિત રહેવાય છે ને ક્યારેક તો ઉપરથી પ્રભુની આશાતના થવામાં નિમિત્ત બની જવાય છે એ વિચારવા જેવું બની જાય છે–

(૧) મોટા મોટા માતબર સંઘોમાં પણ, સાધારણ ખાતામાંથી જ પૂજારીને પગાર આપવાનો આગ્રહ હોવાને કારણે હાથ ટૂંકો રહે છે. આજની કાળઝાળ મોંઘવારીને અનુસરીને સમુચિત પગાર ઠેરવવાનો ન હોવાથી સારા માણસો મળતા નથી....ક્યારેક જેવા તેવાથી નભાવવું પડે છે જે અનેકવિધ આશાતના કરે છે, તેમજ ક્યારેક ચોરી પણ કરે છે. તથા ક્યારેક છાપા વગેરેમાં–લાખો રૂપિયાની ઉપજવાળા જૈનમંદિરોમાં પૂજારીનો પગાર કેવો ટૂંકો હોય છે-શ્રાવકોને પૂજારીનો કશો વિચાર હોતો નથી-શોષણ ચાલે છે–વગેરે વાતો આવે ત્યારે શાસનની અપભ્રાજના પણ કેટલી થાય ? આના બદલે, શ્રાવકો પૂજારીના પગાર માટે થાય એટલી ટીપ કરે....એનાથી જ પર્યાપ્ત રકમ મળી જાય તો ઘણું સુંદર....પણ એ ન થાય તો જેટલી આવશ્યકતા હોય એટલી દેવદ્રવ્યમાંથી પૂર્તિ કરવાનું ઠરાવવામાં આવે તો આ દોષોથી બચી શકાય....આટલું જરૂર યાદ રાખવું જોઈએ કે જેમ જિનમંદિર-જિનપ્રતિમા પ્રભુભક્તિ

માટે છે. તેમ કેસર સુખડ વગેરે સામગ્રી પણ પ્રભુભક્તિ માટે જ છે ને પૂજારી પણ પ્રભુભક્તિ માટે જ છે....તેથી જિનમંદિરની જેમ આ માટેની આવશ્યકતા પણ દેવદ્રવ્યમાંથી લઈ ન જ શકાય એવું છે નહીં.

(૨) કેસર-સુખડ વગેરેની સામગ્રી માટે પણ આવું થાય છે. ટીપ કે ચઢાવા કરતાં પણ, સંઘ મોટો હોવાના કારણે જ્યાં વપરાશ વધુ છે ત્યાં બધો માલ હલ્કી કક્ષાનો આવે...ક્યારેક બોગસ પણ આવે......વરખ એવા આવે કે પ્રતિમાજીપરથી પછી નીકળે જ નહીં ને પ્રતિમાજીની આહ્લાદકતા વગેરેને ખલાસ કરી નાંખે....**કેવી વિષમતા ઊભી થઈ છે ! -ત્રણ લોકના નાથની ભક્તિ શ્રેષ્ઠ થવી જોઈએ એ વાત ગૌણ થઈ ગઈ-વિસરાઈ ગઈ....ને ભક્તિ ઓછી-વત્તી ચાલશે-પણ દેવદ્રવ્યને અડશો નહીં.....આ વાત મુખ્ય બની ગઈ.....**આમાં શ્રાવકોની ટીપ વગેરે ઉપરાંત જેટલી આવશ્યકતા હોય એટલી દેવદ્રવ્યમાંથી શાસ્ત્રસિદ્ધ ઉપયોગ રૂપે લેવાનું ઠરાવવામાં આવે તો વિશ્વવત્સલ પરમાત્માની જેવી ભક્તિ ઉચિત કહેવાય એવી ઉચિત ભક્તિ થાય.

(૩) ક્યારેક વિશિષ્ટ પર્વ દિવસોએ પણ પરમાત્માની અંગરચના ન હોય, હોય તો સાવ સામાન્ય હોય....આના બદલે શ્રાવકો ભાવોલ્લાસ વિકસાવી આંગી નોંધાવે, છતાં અધૂરાશ રહે તો સંઘની વ્યવસ્થા મુજબ દેવદ્રવ્યનો ઉપયોગ કરી ભવ્ય અંગરચના થાય તો રોજ ન આવનારા પણ દર્શન કરવા આવી પાવન થાય.....રોજ આવનારા પણ વિશિષ્ટ અંગરચના જોઈ આહ્લાદ અનુભવે-બે-ચાર સ્તુતિ વધારે લલકારી વધુ શુદ્ધ અધ્યવસાયો પામી શકે, જે સમ્યગ્દર્શનાદિની નિર્મળતા કરે.

(૪) ક્યારેક શ્રાવકો સારી રકમ નોંધાવી અંગરચના તો ભવ્ય કરે....પણ એ રકમ બધી એમાં જ પૂરી થઈ જવાથી ઘીના દીવા માટે રકમ ફાજલ ન રહેતા ઈલેકટ્રીકની લાઈટો જ કરવી પડે. આના બદલે વધારાની આવશ્યકતા દેવદ્રવ્યમાંથી લઈ ઘીના દીવા કરવામાં આવે તો દર્શનાર્થીઓના આહ્લાદ-અધ્યવસાયોમાં કેટલો વધારો થાય એ ક્યાં અનુભવસિદ્ધ નથી ?

(૫) કેટલાક સ્થળે ટ્રસ્ટીઓ એવા હોય છે કે પોતાના દેરાસરમાં દેવદ્રવ્યમાંથી ખર્ચ કરવા તૈયાર હોય, પણ અન્યત્ર જીર્ણોદ્ધારમાં, આવશ્યક હોય તો પણ આપવા રાજી ન હોય, ભલે ને લાખો રૂપિયા ભેગા થયા હોય. બેશક ! તેઓનો આવો અભિગમ-વહીવટ ગલત છે ને એનો બચાવ કરવાની વાત નથી, આવા ટ્રસ્ટીઓને યોગ્ય સમજણ આપી જીર્ણોદ્ધારમાં રકમ ફાળવવા માટે તૈયાર કરવા જ જોઈએ. પણ છતાં, મોટા મોટા ઉપદેશકોને પણ આમાં સફળતા મળે જ એવું નથી હોતું.....એટલે જ્યાં ટ્રસ્ટીઓ અન્યત્ર રકમ ફાળવવા તૈયાર ન થાય ત્યાં પણ એ દેવદ્રવ્યમાંથી પ્રભુભક્તિ થાય કે જે શાસ્ત્રસિદ્ધ છે તો યુનિટ ટ્રસ્ટ કે બેંક વગેરેમાં પડ્યું રહીને જે ભારે હિંસક-આરંભ-સમારંભમાં દેવદ્રવ્ય જાય છે તે એટલું બચી શકે.

આમ, અનેક દોષોથી બચી શકાય અને પ્રભુભક્તિ વધારે સુંદર થાય એ લાભને નજરમાં લઈને, દેવદ્રવ્યનો ઉપયોગ પ્રભુભક્તિમાં થાય જ નહીં એવો શાસ્ત્રવિપરીત એકાંત છોડવો સહુ કોઈ માટે હિતકર છે.

જો કે વર્તમાનમાં અનેક સંઘોમાં કેટલાય શ્રાવકોની આવક ને ખર્ચા જોતાં, તેઓ ધારે તો આ બધું તેઓ જ કરી દે એમ છે. એ માટે તેઓએ ઉલ્લાસિત થવું જોઈએ. આ તો

જ્ઞાનીઓએ આ અનુજ્ઞાઓ પણ આપી છે એ ને એના સંભવિત લાભો દર્શાવ્યા.

**પ્રશ્ન : આ બધામાં, તમે, શ્રાવકે સર્વપ્રથમ સ્વદ્રવ્ય... નહીંતર સંઘે ટીપ વગેરે કરીને ભેગું કરેલું દ્રવ્ય....ને એ પણ ન હોય ત્યારે જ દેવદ્રવ્યથી પ્રભુભક્તિ કરવાનું કહ્યું...એટલે કે ત્રીજા નંબરે દેવદ્રવ્યની વાત છે. ને આ પુસ્તિકાના પ્રારંભે તમે એમ જણાવી ગયા કે દેવદ્રવ્યનો ઉપયોગ જીર્ણોદ્ધારની જેમ જ પૂજા વગેરેમાં કરવો એ ઉત્સર્ગપદે છે, અપવાદપદે નહીં, તો આમાં વિરોધ નથી ?**

**ઉત્તર :** એક દેરાસરમાં કંઈક સમારકામની આવશ્યકતા ઊભી થઈ છે. ૨૫૦૦૦ રૂા. નો ખર્ચ છે. શ્રાવકની ફરજ શું ? પહેલાં નંબરે પોતે સ્વદ્રવ્યથી એ લાભ લેવો.....એ શક્ય ન હોય તો સંઘમાં ટીપ કરી એ કામ કરાવવું....એ પણ શક્ય ન બને તો ત્રીજા નંબરે દેવદ્રવ્યમાંથી એ જીર્ણોદ્ધારનું કામ કરાવવું. આ વાત બરાબર છે ને ? આમાં દેવદ્રવ્યમાંથી જીર્ણોદ્ધાર કરવાની વાત ત્રીજા નંબરે હોવા છતાં, જો 'દેવદ્રવ્યનો ઉપયોગ શું ?' એવો પ્રશ્ન પૂછાય તો એના જવાબમાં જીર્ણોદ્ધાર ઉત્સર્ગમાર્ગે જ કહેવાય છે, આપવાદિક રૂપે નહીં. આના પરથી સ્પષ્ટ છે કે શ્રાવકના કર્તવ્ય તરીકે પૂજા-જીર્ણોદ્ધાર વગેરેની વાત હોય એ એક જુદો અધિકાર છે. ને દેવદ્રવ્યના ઉપયોગ તરીકે પૂજા-જીર્ણોદ્ધાર વગેરેની વાત હોય એ એક જુદો અધિકાર છે. એટલે એ બેમાં નિરૂપણનો ભેદ હોવા છતાં કોઈ વિરોધ નથી. આ વાત તો જ્ઞાન-વૈયાવચ્ચ વગેરે દરેક બાબતોમાં સમાન છે. વૈયાવચ્ચનો પ્રસંગ ઊભો થયો હોય તો શ્રાવકે પ્રથમ નંબરે સ્વયં જ લાભ લેવો જોઈએ. વૈયાવચ્ચખાતમાંથી સાધુની વૈયાવચ્ચ

કરવાનો નંબર છેલ્લો આવે. પણ વૈયાવચ્ચ ખાતાના ઉપયોગની વાત હોય ત્યારે સાધુ મહારાજની વૈયાવચ્ચમાં એ કરવો એ ઉત્સર્ગ જ છે, અપવાદ નહીં. જેમ દેવભક્તિ સ્વદ્રવ્યથી કરવી જોઈએ એ જ રીતે શું ગુરુભક્તિ, જ્ઞાનભક્તિ કે સાધર્મિકભક્તિ પણ સ્વદ્રવ્યથી કરવી એ જ શ્રેષ્ઠ વિકલ્પ નથી ? છે જ. તો હવે જો બધું જ સ્વદ્રવ્યમાંથી કરવાનું હોય તો પછી આ સાતક્ષેત્રોની વ્યવસ્થા શા માટે જણાવી ? એટલે માનવું પડે કે બધું સ્વદ્રવ્યથી કરવું એ આદર્શ છે. શક્ય બને તો એ આદર્શ જ પકડવો. પણ શક્તિ-ભાવના ન પહોંચતા જેઓ આ આદર્શને આંબી શકતા નથી એ બધા માટે કોઈ વ્યવસ્થા પણ જોઈએ ને ! શું એ બધાને પૂજા નહીં કરનારા સ્થાનકવાસી બનાવી દેવા છે ? એટલે બધા પ્રભુભક્તિ વગેરે કરતા રહે એ માટે દેવદ્રવ્ય વગેરેની વ્યવસ્થા દર્શાવી છે. (શક્તિની જેમ ભાવના પણ જોવી જોઈએ. સવારના પ્રતિક્રમણમાં તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં શક્તિ અને ભાવના બન્ને જોવાના છે અને આખરે નિર્ણય ભાવના પ્રમાણે થાય છે. હા, આ ભાવનાને પ્રગટ કરવા પ્રયત્નશીલ ચોક્કસ રહેવું જોઈએ.)

આથી સિદ્ધ થાય છે કે પરદ્રવ્યથી જિનપૂજા ન થઈ શકે એવું નથી.

**પ્રશ્ન : પણ શ્રાવક જો પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી પણ પૂજા કરી શકે છે તો શ્રાદ્ધદિનકૃત્યમાં નિર્ધનશ્રાવકને પુષ્પો ગૂંથવા વગેરે કરીને કાયયોગને સફળ કરવાની વાત કેમ કરી છે ?**

**ઉત્તર :** એ પાઠમાં પુષ્પાદિસામગ્રીનો અભાવ હોવાથી ભક્તિસંબંધી અન્ય કાર્યો કરીને લાભ લેવાનું જણાવ્યું છે. આમાં

પુષ્પાદિસામગ્રીનો અભાવ જે કહ્યો છે એનો શું અર્થ કરો છો? સ્વદ્રવ્યથી પ્રાપ્ત કરેલ પુષ્પાદિ ન હોય તો અન્ય કાર્યો કરવા (પણ પરદ્રવ્યના કે દેવદ્રવ્યના પુષ્પાદિથી પૂજા ન કરવી) એવો અર્થ કરો છો કે પછી સ્વદ્રવ્ય-પરદ્રવ્ય કે દેવદ્રવ્ય કોઈપણ દ્રવ્યથી પ્રાપ્ત થનાર પુષ્પાદિ સામગ્રીનો અભાવ હોવાથી-એટલે કે પોતાને પૂજા કરવા માટે કોઈપણ રીતે પુષ્પાદિ ઉપલબ્ધ નથી તેથી-અન્ય કાર્યો કરવા એવો ?

આમાંનો પ્રથમ અર્થ જો સ્વીકારવામાં આવે તો એનું તાત્પર્ય એ નીકળે કે, ''નિર્ધનશ્રાવકે અન્યકાર્યો કરવા, પણ અન્યની સામગ્રીથી પૂજા તો ન જ કરાય'' એવી શાસ્ત્રાજ્ઞા છે. હવે જો આ તાત્પર્ય જ સામો પક્ષ માનતો હોય તો, તેઓએ પોતાની નિશ્રામાં કોઈપણ જિનમંદિરમાં કેસર વગેરે સામગ્રીની વ્યવસ્થા કરાવાય જ નહીં. કારણ કે જે સ્વદ્રવ્યના કેસર વગેરે નથી લાવ્યો એણે પૂજા કરવાની જ નથી. એણે તો અન્ય કાર્ય કરવાના છે. એ જો આ પરદ્રવ્યથી પૂજા કરે તો તો એ આ શાસ્ત્રાજ્ઞાનો ભંગ કરી રહ્યો છે. એટલે કેસર વગેરેની વ્યવસ્થા કરાવવી એનો અર્થ એ થાય કે એવા શ્રાવકોને જિનાજ્ઞાભંગની વ્યવસ્થા કરી આપવી.....અને તો તો એ કેસરાદિનો લાભ લેનારો પણ વસ્તુતઃ નુકશાન ઉઠાવી રહેલો જ કહેવાય. પણ વાસ્તવમાં પરદ્રવ્યથી પૂજા કરવામાં પાપ નથી એવું માનવું જ પડે છે અને માટે જ એવી વ્યવસ્થાઓ ઘણી જગ્યાએ પ્રવર્તમાન છે. ઉલ્ટાનું, આ વ્યવસ્થા પાછળનું રહસ્ય એ છે કે સ્વદ્રવ્યના કે સમયના અભાવવાળો પણ કોઈ પૂજાથી તો વંચિત ન જ રહે એ માટે જ સંઘ તરફથી વ્યવસ્થા કરાય છે. આ વ્યવસ્થા માટે પાંચ-પચ્ચીશ હજાર રૂપિયા આપનારા દાતાઓ લાભ મળશે-આત્મહિત

થશે એવી બુદ્ધિથી જ એ લાભ લે છે, જિનાજ્ઞાભંગ કરાવવામાં નિમિત્ત બનવા દ્વારા અહિત થશે એવી બુદ્ધિથી નહીં.....માટે. શ્રાદ્ધદિનકૃત્યના પાઠનો આ પ્રથમ અર્થ કરવો યોગ્ય નથી.

એટલે, હવે જો બીજો અર્થ લઈએ તો એમાં તો સ્પષ્ટ જ છે કે પરદ્રવ્ય કે દેવદ્રવ્યથી પણ પુષ્પાદિ પોતાને પૂજા કરવા માટે ઉપલબ્ધ હોય તો કાંઈ પુષ્પ ગૂંથવા વગેરે દ્વારા જ સંતોષ માની લેવાની વાત નથી, એ ઉપલબ્ધ હોય તો તો સ્વયં પૂજા કરવાની જ છે. સ્વદ્રવ્યથી પુષ્પાદિ લાવવાની શક્યતા નથી. સંઘ કે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા પણ પુષ્પાદિની વ્યવસ્થા છે નહીં જેનાથી એ સ્વયં પૂજા કરી શકે. પોતે લાવેલાં પુષ્પોનો હાર બનાવી પોતે જ એ પ્રભુને ચડાવશે એવા ભાવોલ્લાસવાળો અન્ય શ્રાવક ફુલો લઈને આવેલો છે. એટલે નિર્ધન શ્રાવક પોતે પણ ચડાવી શકે એ માટે પુષ્પાદિ સામગ્રી ઉપલબ્ધ નથી. તેમ છતાં એને પણ કાંઈક લાભ મળી જાય એ માટે પુષ્પ ગૂંથવા વગેરેનું વિધાન એ અધિકારમાં કર્યું છે. વળી આ વિધાન, શ્રાવકના કાયયોગને પ્રભુભક્તિનું કાંર્ય કરવા દ્વારા સફળ કરવા માટે કર્યું છે. ભલે ધનથી એ શ્રાવક લાભ નથી લઈ શકતો, તનથી તો લે....એ ગણતરીથી. આ પુષ્પ ગૂંથવા વગેરેમાં જેમ એને દ્રવ્યસ્તવનો (પ્રભુપૂજાનો) લાભ મળે છે, એમ કોઈ આ નિર્ધનશ્રાવકને બે-ચાર ફુલો આપીને કહે કે, 'લ્યો ! આ ફુલો ચડાવો' તો શું એ ચડાવવામાં એનો કાયયોગ સફળ ન થાય ? આ નિર્ધન શ્રાવકને વિવિધ પુષ્પોને આકર્ષક રીતે ચડાવી સુંદર અંગરચના કરતાં આવડતું હોય, ને એ માટે ફુલો લાવેલો શ્રાવક આ નિર્ધન શ્રાવકને કહે કે લો, આ ફુલો દ્વારા સુંદર અંગરચના કરો. તો શું એ આંગી નહીં બનાવે ? ના કહી દે ? કે ના, ફુલ મારાં

નથી, માટે મારે ભગવાનને ન ચડાવાય...મારાથી એના દ્વારા આંગી ન બનાવાય.....? કોઈના ફુલ ગૂંથવામાં પ્રભુભક્તિના ભાવો અનુભવાય ને તેથી ફળ મળે, અને કોઈનાં ફુલ ચડાવવામાં પ્રભુભક્તિના ભાવો ન અનુભવાય ને તેથી ફળ ન મળે.....એવું માનવામાં કોઈ પ્રમાણ નથી.

વળી ૫૦ ફુલની કિંમત ૨૫ રૂા. હોય તો ૫૦ ફુલનો હાર બનાવીને માળી આપે ત્યારે એની કિંમત તરીકે ૩૦ રૂા. લે એ સમજાય એવું છે. એટલે નિર્ધનશ્રાવક જો ૫૦ ફુલો ગુંથી આપે ને શ્રીમંત એ ચડાવે તો શ્રીમંતે હાર ચડાવ્યો ૩૦ રૂા.ની કિંમતનો, ને પોતે સ્વદ્રવ્ય ચૂકવ્યું ૨૫રૂા. નું જ. એ શ્રાવક પાંચ રૂપિયા મહેનતાણા રૂપે લેવાનો તો નથી જ, કારણ કે એણે તો પ્રભુભક્તિ માટે હાર ગૂંથી આપ્યો છે. એટલે શ્રીમંતે પાંચ રૂપિયાનું પરદ્રવ્ય પૂજામાં વાપર્યું કહેવાય જ. તેથી, જો શ્રીમંત પણ પરદ્રવ્યથી પૂજા કરી શકે છે, તો નિર્ધન શા માટે નહીં ?

એટલે શ્રાદ્ધદિનકૃત્યના આ પાઠથી, સ્વદ્રવ્યથી પ્રાપ્ત પુષ્પાદિ સામગ્રી ન હોય તો પૂજા ન કરવી એવું સાબિત નથી થતું. પણ કોઈ પણ રીતે પુષ્પાદિ સામગ્રી ઉપલબ્ધ ન હોય તો પ્રભુભક્તિનાં અન્ય કાર્યો કરીને પણ લાભ લેવો એવું તાત્પર્ય જણાય છે એ નિશ્ચિત થયું.

**પ્રશ્ન : સ્વ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મહારાજે વર્ષો પૂર્વે 'દિવ્યદર્શન'માં "ભગવાન તો મોક્ષમાં જઈ બેઠા છે. કૃતકૃત્ય થઈ ગયા છે....એમને તારી પૂજાની કોઈ જરૂર જ નથી...તારા પોતાના કલ્યાણ માટે પ્રભુની પૂજા છે....તો એ દેવદ્રવ્યમાંથી થાય કે તારા પોતાના દ્રવ્યમાંથી ?" વગેરે**

**ભાવનું નિરૂપણ કરેલું જેનો સ્પષ્ટ મતલબ છે કે જિનપૂજા સ્વદ્રવ્યથી જ કરવાની હોય છે, દેવદ્રવ્યથી નહીં.....ને હવે, દેવદ્રવ્યથી પણ જિનપૂજા થઈ શકે એવું નિરૂપણ થાય આ ભારે ખેદજનક બિના નથી ?**

**ઉત્તર :** આ હર્ષજનક બિના તમને ખેદજનક લાગી રહી છે એ જ વાત વધુ ખેદજનક છે. દિવ્યદર્શન આદિમાં વર્ષો પૂર્વે આવું નિરૂપણ પણ પૂજ્યપાદ આ. ભગ. શ્રી આદિએ કરેલું છે આ બાબત તો શ્રી સંઘને હિતચિંતક તરીકે મળેલા સ્વ. પૂજ્યપાદ આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહરાજા આદિએ સ્યાદ્વાદને કેવો યથાર્થરૂપે પિછાણ્યો હતો ને સ્વનિરૂપણમાં ઉતાર્યો હતો એની સ્પષ્ટ પ્રતીતિરૂપ છે. માટે, આ જાણીને તો ખૂબ હર્ષ અનુભવવો જોઈએ. સ્યાદ્વાદની ખુબી જ આ છે કે જ્યારે જેવો અવસર હોય એ નયની (એ દૃષ્ટિકોણની) દેશના ભારપૂર્વક કરી શકાય. વિશ્વના તમામ પદાર્થો અમુક અપેક્ષાએ નિત્ય છે અને અમુક અપેક્ષાએ અનિત્ય છે. પણ કેટલાક લોકો એમાંથી માત્ર નિત્યતાનો અંશ સ્વીકારી અનિત્યતાના અંશનો નિષેધ કરતા હોય છે. આવા લોકોની બુદ્ધિને 'પદાર્થો અનિત્ય પણ છે જ' આ રીતે કેળવવા માટે અનિત્યતાનું જોરશોરથી... અરે ! 'જ' કારપૂર્વક પણ નિરૂપણ કરવું એ એકનયદેશના કહેવાય છે. (પણ એ કરતી વખતે પણ સ્યાદ્વાદના જાણકાર વક્તાના દિલમાં, પદાર્થો નિત્ય પણ છે જ-એ બેસેલું જ હોય છે....એટલે જ જે શ્રોતાઓ માત્ર અનિત્યતા જ માનતા હોય તેમની આગળ અનિત્યતાનું ખંડન કરી નિત્યતાનું મંડન કરનાર નયની દેશના પણ તેઓ કરે છે.)

એમ પ્રસ્તુતમાં, શ્રાવકે પ્રભુચરણે વધુ ને વધુ સ્વદ્રવ્યસમર્પિત કરવું જોઈએ, કૃપણતા છોડવી જોઈએ-મૂર્છા તોડવી જોઈએ-

ને વિષયવિલાસમાં વેડફાઈ જનારા ધનને પ્રભુભક્તિમાં જોડવું જોઈએ......પ્રભુભક્તિના જેટલા પ્રસંગો ઉપસ્થિત થાય એ બધામાં સ્વદ્રવ્યથી લાભ લેવો જોઈએ....આ માટે સંપન્ન શ્રાવકો ઉલ્લસિત થાય-તેમજ એટલા સંપન્ન ન હોય તેઓ પણ કંઈક ને કંઈક સ્વદ્રવ્ય પ્રભુચરણે સમર્પિત કરવા ઉલ્લસિત થાય....ને એ દ્વારા આત્મહિત સાધે.....એ માટે ભગવાનને કાંઈ પૂજાની જરૂર નથી....વગેરે નિરૂપણ ભારપૂર્વક થઈ જ શકે છે. આ આવી અપેક્ષાએ થયેલી એકનયદેશના છે. (જે આજે પણ અમને માન્ય જ છે ને અવસરે અમે એ કરીએ પણ છીએ જ.) આ એક નય પર જોર આપવા 'જ' કારપૂર્વક એ થાય તો પણ, દેવદ્રવ્યના ઉપયોગના નિરૂપણનો અવસર હોય ત્યારે એ અપેક્ષાએ દેવદ્રવ્યથી પણ જિનભક્તિ થઈ જ શકે છે. એવી જે અન્ય નયદેશના છે એનો નિષેધ અભિપ્રેત ન હોવાથી એવા ભારપૂર્વકના નિરૂપણમાં કશું જ વાંધાજનક નથી. સામો પક્ષ આ અન્યનયનો નિષેધ કરે છે, માટે એમની દેશના શાસ્ત્રાનુસારી નથી.

બાકી, શ્રાવક સ્વદ્રવ્યને જિનભક્તિમાં જોડે એ અપેક્ષાથી કરાતી, પ્રભુને કાંઈ પૂજા જોઈતી નથી તારા ભલા માટે પૂજા છે....વગેરે વાતોને એકાન્તે પકડી, દેવદ્રવ્યથી પ્રભુભક્તિ થઈ ન જ શકે એવો નિષેધ માનવાનો હોય તો જીર્ણોદ્ધાર-નૂતન જિનાલય વગેરે અંગે પણ કહી શકાય છે કે ભગવાન તો કૃતકૃત્ય થઈ ગયા છે, એમને કાંઈ ભવ્યમંદિરો જોઈતા નથી...તારા ભલા માટે પ્રભુનાં મંદિરો છે....વગેરે એટલે જિનપૂજાની જેમ જીર્ણોદ્ધાર-ભવ્યમંદિર વગેરે પણ દેવદ્રવ્યથી ન જ કરી શકાય. ને તો પછી દેવદ્રવ્યનો કશો ઉપયોગ જ રહેશે નહીં, જે ઉચિત નથી. એટલે આવો એકાન્ત પકડવો યોગ્ય નથી. છેવટે, જીર્ણોદ્ધાર વગેરે પણ

પ્રભુભક્તિ જ છે.....એટલે એ જો દેવદ્રવ્યથી થઇ શકે છે તો જિનપૂજા વગેરે શા માટે ન થઇ શકે ?

શાસ્ત્રોમાં તો ઉપદેશમાળામાં થોવાવિ હું થોવયં દેઇ - થોડામાંથી પણ થોડું દઈને ગુરુભક્તિ કરવાનું કહ્યું છે. એમ અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં સંઘપૂજા કર્તવ્યમાં, જે સ્થિતિસંપન્ન નથી એવા શ્રાવક માટે પણ છેવટે એક મુહપત્તિ વહોરાવીને ગુરુભક્તિ કરવાનું કહ્યું છે. આ બધી બાબતો શ્રાવકે સ્વદ્રવ્યથી ગુરુભક્તિ કરવી જ જોઈએ એ જણાવનાર હોવા છતાં વૈયાવચ્ચખાતાની રકમના ઉપયોગ તરીકે સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરવાનું ઉત્સર્ગપદે જ વિધાન કર્યું છે. આ બન્ને વાતો ભિન્ન-ભિન્ન અપેક્ષાએ (નયે) હોવાથી આમાં જેમ વિરોધ નથી, એમ પ્રસ્તુતમાં જિનપૂજા અંગે પણ જાણવું.

આમ, દેવદ્રવ્યથી પ્રભુભક્તિનાં સર્વપ્રકારનાં કાર્યો થઈ શકે છે એમાં કોઈ વિરોધ નથી, એ જાણવું........

સામા પક્ષને પોતાના ગુરુદેવના પણ ગુરુદેવ સ્વ. સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણી આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મ.સા.** નાં વચનો તો માન્ય હોય જ....તેઓ શ્રીમદે મધ્યસ્થબોર્ડને લખેલા પત્રમાં જણાવેલી બાબતોમાંની બે બાબતો જોઈ લઇએ-(૧) દેવદ્રવ્યમાંથી બિનજરૂરી પગારો આપી જે બિનજરૂરી સ્ટાફ રખાય છે, એ અનુચિત છે. અને દેવદ્રવ્યમાંથી પગાર ખાતા સ્ટાફના માણસોનો ઉપયોગ મૂર્તિ, મંદિર કે તેની દ્રવ્યવ્યવસ્થા સિવાયની બાબતોમાં કરવો એ દેવદ્રવ્યનો દુરુપયોગ કહેવાય. તેમજ ગેરવ્યાજબી વધારે પડતો સ્ટાફ રાખવો તે પણ દેવદ્રવ્યને હાનિ પહોંચાડવાનું કાર્ય બને છે.

(આના પર વિચાર કરીએ તો સ્પષ્ટ જણાય છે કે

દેવદ્રવ્યમાંથી આવશ્યક સ્ટાફને આવશ્યક-સમુચિત પગાર આપવો એ અનુચિત્ત નથી. બિનજરૂરી પગાર આપવો એ અનુચિત છે. એમ મંદિર મૂર્તિ સિવાયની બાબતમાં દેવદ્રવ્યનો પગાર ખાતા પૂજારી વગેરેનો ઉપયોગ એ દુરુપયોગ છે. એટલે દેરાસરસંબંધી કામ કરનાર પૂજારી વગેરેને દેવદ્રવ્યથી પગાર આપવો એ દેવદ્રવ્યનો દુરુપયોગ નથી કે હાનિ નથી.)

(૨) દેવદ્રવ્ય, શ્રાદ્ધવિધિ આદિ ગ્રન્થોના આધારે પૂજા, મહાપૂજા, મહોત્સવ જીર્ણોદ્ધાર વગેરે અનેક કાર્યોમાં વપરાય છે.

**શંકા**-તા.૩૦-૪-૯૫ના જિનવાણી પાક્ષિકમાં જણાવ્યું છે કે મધ્યસ્થબોર્ડને લખાયેલો આ પત્ર તિથિ કે તારીખ વગરનો હોવાથી જણાય છે કે એ પત્ર નથી, પણ કાચો ખરડો છે. તથા એ અંકમાં આવું પણ ઉપસાવ્યું છે કે એમાં ઘણા સુધારા આવશ્યક હોવાથી એ લખાણ પ્રમાણભૂત-શાસ્ત્રીય નથી, અશાસ્ત્રીય છે. એટલે સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. નો એ પત્ર એમને માન્ય નથી, તો તમે કેમ એનો ઉલ્લેખ કરો છો ?

**સમાધાન**-જુઓ 'જિનવાણી' પાક્ષિકમાં તો અનેકવિધ વાતો એવી આવે છે કે જેથી એ પાક્ષિકની પ્રામાણિકતામાં સુજ્ઞજનોને સંદેહ પડી જાય. જેમ કે-આ જ અંકમાં જણાવ્યું છે કે દેરાસરમાં તૈયાર રાખેલી કેસર વગેરે સાંમગ્રીને શ્રાવકો પોતે જેટલી વાપરે એટલી કે એથી અધિક રકમ ભંડારમાં નાખી, સ્વદ્રવ્ય બનાવી સ્વદ્રવ્યથી પૂજા કર્યાનો આનંદ અનુભવે... આ માટે જ એ સામગ્રી દેરાસરમાં રાખવામાં આવે છે, વગેરે......

કેટલા દેરાસરોમાં કેટલા શ્રાવકો ભંડારમાં એટલા પૈસા મૂલ્ય ચૂકવવા રૂપે નાખીને કેસરાદિનો ઉપયોગ કરે છે એનું નિરીક્ષણ કરવામાં આવે તો આ વાત કેટલી સાચી છે એ તરત ખબર પડી જાય....

એટલે, આવા આડેધડ નિરૂપણ કરનાર પાક્ષિકના લખાણ માત્રથી સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ના એ પત્રને કાચા ખરડા રૂપે માની ન લેવાય.

છતાં, સામો પક્ષ ખુશ થાય, એ માટે, એમની એ વાત એક વાર સ્વીકારી લઈએ કે એ કાચો ખરડો હતો, તો પણ સામાપક્ષને પૂછવું જોઈએ કે શું સ્વ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ એ કાચો ખરડો પોતાની માન્યતા મુજબનો બનાવેલો કે એનાથી સાવ વિપરીત ? અર્થાત્ એ (ખરડામાં) દેવદ્રવ્યમાંથી પૂજારીને પગાર આપી શકાય-પૂજા મહોત્સવાદિ કરી શકાય વગેરે જે જણાવેલું છે એવી જ એમની માન્યતા હતી કે એનાથી વિપરીત ?

પોતાની માન્યતાથી સાવ વિપરીત ખરડો બનાવે એવું તો મનાય જ નહીં....એટલે એમની પણ દેવદ્રવ્યમાંથી પૂજાદિ કરી શકાય એવી જ માન્યતા હતી એમ માનવું જ પડે છે. હવે જો, શાસ્ત્રોમાં આ બાબતોનો સખત નિષેધ હોય ને એવું કરવામાં દેવદ્રવ્યભક્ષણનો ભયંકર દોષ લાગવાનું શાસ્ત્રોમાં જણાવ્યું હોય તો, શાસ્ત્રોની એ વાતને તેઓ સમજી શક્યા ન હતા ને સાવ વિપરીત અર્થ જ સમજી એવી માન્યતા બાંધી હતી એવું શું સામોપક્ષ માને છે ? એટલે કે એમનો શાસ્ત્રના, સામો પક્ષ કહે છે એવા સ્પષ્ટ નિષેધને સમજી શકવાનો જરા સરખોય ક્ષયોપશમ નહોતો... એટલી પણ એમની બુદ્ધિ નહોતી...એમ શું સામો પક્ષ કહેવા માગે છે ? વાહ ! ધન્ય ગુરુભક્તિ ! ને ગુરુ પ્રત્યેની શ્રદ્ધા ! અને સામાપક્ષના અભિપ્રાયે જે આટલી બુદ્ધિહીન છે એવી વ્યક્તિને 'સિદ્ધાન્તમહોદધિ'=સિદ્ધાન્તો-શાસ્ત્રોના સાગર જેવા-બિરુદ આપનાર એમના ગુરુદેવ સકલાગમ રહસ્યવેદી

સ્વ. આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજને પણ તેઓએ બુદ્ધિના કાચા હોવા માનવા પડશે, કારણ કે એમણે શાસ્ત્રોના આવા સાવ વિપરીત ને ભારે અનર્થકર અર્થ કરનારી વ્યક્તિને આવી પદવી આપી.

પોતાના કદાગ્રહને માન્ય ન કરનારા પોતાના ગુરુ (શ્રી વીરપ્રભુ) માટે ભગવાન (=મારા ગુરુ) ભૂલ્યા એવું કહેનાર નિહ્નવ જમાલિની જમાતમાં પેસી જવા જેવા આ દુઃસાહસથી અટકવાની સામાપક્ષને સદ્બુદ્ધિ મળે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.....

એટલે, કદાચ એ પત્રને કાચા ખરડા રૂપે સ્વીકારી લઈએ, તો પણ, સામા પક્ષે પણ જેમને 'મહાગીતાર્થ' તરીકે જિનવાણી પાક્ષિકમાં નવાજ્યા છે, એ સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબે એમાં જે લખાણ કરાવ્યું છે તે શાસ્ત્રસિદ્ધ જ છે ને એમાં કશું જ શાસ્ત્રવિપરીત નથી એવું સામાપક્ષે પોતાના આત્મહિતને નજરમાં રાખીને પણ સ્વીકારવું જ જોઈએ. એટલે એને પત્ર કહો કે કાચો ખરડો....એના લખાણને સામાપક્ષે પણ માન્ય જ કરવું આવશ્યક હોવાથી એનો ઉલ્લેખ શા માટે ન થઈ શકે ?

સામાપક્ષના જ માન્ય સ્વ. આ. **શ્રી રવિચન્દ્ર સૂ. મ.** સાહેબે કલ્યાણ ના જુલાઈ-ઑગષ્ટ ૧૯૮૩ના અંકમાં પ્રશ્નોત્તર વિભાગ માં જણાવ્યું છે કે સુખી શ્રાવકોએ અથવા કોઈ એક વ્યક્તિ દ્વારા જિનભક્તિ નિમિત્તે જે આચરણ કરાયું હોય તે કલ્પિત દેવદ્રવ્ય કહેવાય, જેમ અષ્ટપ્રકારી પૂજા નિમિત્તે બોલાતી ઉછામણી અથવા સ્વપ્ન બોલી. આ દ્રવ્ય જિનેશ્વરદેવની ભક્તિના સર્વકાર્યમાં વપરાય.

શ્રી જિનપૂજા વગેરે પણ પ્રભુભક્તિનું જ કાર્ય છે, તો એમાં દેવદ્રવ્યનો ઉપયોગ શા માટે ન થાય ?

વળી ખુદ સ્વ. પૂ. રામચન્દ્ર સૂ.મ.સા. પણ વિચારસમીક્ષામાં આ વાત કહી જ ગયા છે (જે આગળ આવી ગયું છે).

શું પૂર્વના અનેક ગ્રન્થકારો, અને પોતાના જ આ ત્રણ પૂર્વપુરુષો સામા પક્ષને અમાન્ય છે ?

**પ્રશ્ન : 'પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કે દેવદ્રવ્યથી ?' પુસ્તિકા પ્રકાશિત થઈ છે એ અંગે કંઈક જણાવશો ?**

**ઉત્તર :** આ પુસ્તિકા જોવામાં આવી... ખરેખર ! સામાપક્ષના અજ્ઞાન માટે દિલમાં ખૂબ કરુણા ઉભરાઈ આવે છે. એમને બિચારાને એ પણ ખબર નથી કે પ્રસ્તુત ચર્ચાનો વિષય શું છે ?

'પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કરવી કે દેવદ્રવ્યથી ?' આવો પ્રશ્ન એમને પૂછાય તો તેઓ જેમ 'સ્વદ્રવ્યથી કરવી' એવો જવાબ આપે છે એમ અમને પણ કોઈ આવો પ્રશ્ન પૂછે તો અમે પણ એને આ જ જવાબ આપીએ છીએ, એટલે આ બાબતમાં તો કોઇ વિચારભેદ છે જ ક્યાં ? અમે કાંઈ સ્વદ્રવ્યથી પૂજાના વિરોધી નથી... (અરે, ઉપરથી ભારે સમર્થક છીએ.) (''પરદ્રવ્યથી પૂજા કરનારને લાભ થાય જ નહીં-એવું નથી'' આ વાત તો એ જ પુસ્તિકાના પૃ.૧૧ વગેરેના લખાણથી સૂચિત થાય છે. એટલે પરદ્રવ્યથી ન જ કરાય એવું તો તેઓ પણ માનતા નથી.)

**શંકા-** તો પછી વિચારભેદ શેમાં છે ?

**સમાધાન-** દ્રવ્યસપ્તતિકા વગેરે ગ્રન્થોના આધારે અમે કહીએ છીએ કે દેવદ્રવ્યનો ઉપયોગ જીર્ણોદ્ધારની જેમ જિનપૂજામાં પણ થઈ શકે છે. શ્રાવકો વડે દેવદ્રવ્યથી જિનપૂજા વગેરે થતા

હોય તો એનાથી સમ્યક્ત્વાદિની શુદ્ધિ થાય છે એમ દર્શનશુદ્ધિ ગ્રન્થમાં જણાવ્યું છે. એટલે દેવદ્રવ્યથી જિનપૂજા કરવામાં દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગતો નથી. પણ જેવો ભક્તિભાવ જાગે એ પ્રમાણે લાભ થાય છે.

અમારા આ શાસ્ત્રાનુસારી મંતવ્યને સામો પક્ષ પણ જો સ્વીકારે તો વિચારભેદ શમી જાય, પણ એ એમને માન્ય નથી... માટે વિરોધ કરે છે...

જો કે એમની વિરોધ કરવાની પદ્ધતિ જોઇને પણ ભાવકરુણા... ને છેવટે ઉપેક્ષા ભાવના જ ભાવવાની રહે છે... આજ સુધીમાં અનેક વાર આ કહેવામાં આવ્યું છે કે દ્રવ્યસપ્તતિકા વગેરેના 'देवगृहे देवपूजापि स्वद्रव्येणैव यथाशक्ति कार्या' આ પાઠને અધુરો શા માટે રજુ કરો છો ? આગળ-પાછળના સંદર્ભ સાથે રજુ કરો- અને છતાં, પ્રસ્તુત પુસ્તિકામાં પણ એ આખો સંદર્ભ તો નહીં-એ આખું વાક્ય પણ નહીં... ને અધૂરું જ વાક્ય રજુ કરવામાં આવ્યું છે. **આખો સંદર્ભ રજુ કરવામાં તેઓને લાગતો ડર જ, તેઓ સાચા છે કે ખોટા ? એનો નિર્ણય કરાવી આપવા માટે શું સમર્થ નથી ?**

વળી, 'પરમાત્માની પૂજા સ્વવિભવાનુસારે કરવી' વગેરે જણાવનાર શાસ્ત્રપાઠો જણાવીને એ પુસ્તિકામાં તેઓ આગળ લખે છે કે "આવા પાઠો અનેકવાર આપવા, દર્શાવવા છતાં- અમને શાસ્ત્રપાઠો મળ્યા નથી, આપ્યા નથી, બતાવ્યા નથી, એવા કોઈ શાસ્ત્રપાઠો છે જ નહિ-એવો પણ અપપ્રચાર ચાલુ રહ્યો- રખાયો છે."

આને પણ એમની અજ્ઞાનદશા કહેવી કે વક્રતા ?
(૧) "દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે

છે.'' એવું જે તેઓ જોરશોરથી બોલે છે એનો શાસ્ત્રપાઠ અમે માગીએ છીએ એ શું એમને ખબર નથી ? (૨) ''દેવદ્રવ્યથી પૂજા કરનારને શું પ્રાયશ્ચિત્ત આપવું ? કયા શાસ્ત્રના આધારે ?'' એનો અમે શાસ્ત્રપાઠ માગીએ છીએ એ શું હજુ તેઓ જાણતા નથી ? કે જેથી જેમાં આ બેમાંની એકે વાત નથી. એવા શાસ્ત્રપાઠો જ વારંવાર રજુ કર્યા કરે છે.

કાંઈ નહીં, ફરીથી એમને જાહેર આહ્વાન છે કે આના શાસ્ત્રપાઠો રજુ કરો અને નહીંતર આવું જે નિરૂપણ કર્યું છે એના મિચ્છામિ દુક્કડમ્ દો.

**પ્રશ્ન : ગુરુદ્રવ્ય વૈયાવચ્ચમાં જાય ?**

**ઉત્તર :** શ્રાદ્ધજિતકલ્પની ૬૮મી ગાથામાં, શ્રાવકથી ગુરુદ્રવ્યનો ઉપભોગ થઈ ગયો હોય તો શું પ્રાયશ્ચિત્ત આવે ? એ જણાવવાના અધિકારમાં એમ જણાવ્યું છે કે-ગુરુસંબંધી જળ વપરાયું હોય તો ગુરુમાસ, અન્ન વપરાયું હોય તો ચતુર્લઘુ, વસ્ત્રાદિ વપરાયાં હોય તો ચતુર્ગુરુ અને સુવર્ણાદિ વપરાયાં હોય તો ષડ્લઘુ એમ તપ પ્રાયશ્ચિત્ત રૂપે આપવો. વળી વસ્ત્રાદિ ('આદિ' શબ્દથી સુવર્ણાદિ) ગુરુદ્રવ્યનો વપરાશ થઇ ગયો હોય તો આ તપ ઉપરાંત, જેટલું ગુરુદ્રવ્ય વપરાઈ ગયું હોય એટલું સાધુના કાર્ય માટે વૈદ્યાદિને આપવું.

આમાં, સ્પષ્ટ જણાય છે કે શ્રાવકથી થઈ ગયેલા ઉપભોગ દ્વારા ગુરુદ્રવ્યને જે ફટકો પડ્યો છે તે પાછો વાળવાનો છે. જો ગુરુદ્રવ્ય વૈયાવચ્ચમાં ન જતું હોત, ને દેવદ્રવ્યમાં જ જતું હોત તો એટલું દ્રવ્ય દેવદ્રવ્યમાં સમપર્ણ કરવાનું જણાવત. પણ અહીં સાધુની વૈયાવચ્ચના કાર્યમાં આપવાનું જણાવ્યું છે. માટે ગુરુદ્રવ્ય વૈયાવચ્ચમાં જાય એ સિદ્ધ થાય છે. (આ અંગે 'ધાર્મિક વહીવટ

વિચાર' માં પૃષ્ઠ ૨૨૩માં પૃષ્ઠ પર આપેલું પરિશિષ્ટ જોવું.)

**સાવધાન :** દેવદ્રવ્ય અને જિનપૂજા આ અંગે શાસ્ત્રકારોનો શો અભિપ્રાય છે એનો આ કંઈક વિચાર કર્યો. અને,

દેવદ્રવ્ય હોય તો પૂજા વગેરે સંભવિત બને છે, દેવદ્રવ્યનો લોપ કરનારો પૂજા વગેરેનો લોપ કરે છે, પૂજા વગેરેના કારણભૂત દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ....આવું બધું જણાવનારા અનેક શાસ્ત્રપાઠો મળે છે.

પ્રાયશ્ચિત્તના કોઈ ગ્રન્થમાં પરદ્રવ્યથી પૂજા કરનારને પ્રાયશ્ચિત્ત આપવાનું વિધાન જોવા મળતું નથી. એમ દેવદ્રવ્યથી પૂજા કરનારને માટે પણ દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે એવું જણાવનાર કે એનું પ્રાયશ્ચિત્ત દર્શાવનાર શાસ્ત્રવચન જોવા મળતું નથી.

દેવદ્રવ્યના ભક્ષણથી અનંત સંસાર ભ્રમણના દૃષ્ટાન્તો શાસ્ત્રોમાં જોવા મળે છે. પણ એ રીતે દેવદ્રવ્યથી પૂજા કરનારને અનંત સંસાર થયો હોય એવું કોઈ દૃષ્ટાંત જોવા મળતું નથી.

આ બધી બાબતો, પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી પૂજા થઈ ન જ શકે, દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો ભારે દોષ લાગે વગેરે પ્રચાર બિલકુલ શાસ્ત્રવિપરીત છે એ સ્પષ્ટ રીતે જે સૂચવે છે એ શ્રીસંઘ સમક્ષ રજૂ કરવા આ પુસ્તિકા પ્રકાશિત થઈ છે.

એટલે 'દેવદ્રવ્યથી પણ જિનપૂજા વગેરે થઈ શકે છે' આ વાત શાસ્ત્રસિદ્ધ છે એમ જાણીને,

● અત્યાર સુધી તો સ્વદ્રવ્યથી પૂજા કરતા હતા, હવે જો દેવદ્રવ્યથી પણ થઈ શકે છે તો આપણે પણ દેવદ્રવ્યથી જ કરીશું...આપણા એટલા પૈસા બચ્યા.....

● અત્યાર સુધી તો સ્વદ્રવ્યથી પૂજા નહોતા કરતા, છતાં ઘરખર્ચ વગેરેમાં થોડો કાપ મૂકીને પણ દ્રવ્ય બચાવી સ્વદ્રવ્યથી પૂજા કરવાની ભાવનામાં હતા....પણ હવે એ કાપ મૂકવાની જરૂર નથી, દેવદ્રવ્યથી પૂજા કરવામાં કશો વાંધો નથી.

● કેસરાદિ સામગ્રી વગેરે માટે સંઘમાં ટીપ કરતા હતા....થોડું ફરીને શ્રાવકોને આગ્રહ કરીને પણ ખર્ચા પૂરા કરતા હતા. હવે આ બધું કરવાની જરૂર નહીં-દેવદ્રવ્યથી જ આ બધું કરી લઈશું.

આવો બધો વિચાર કરી પ્રભુભક્તિમાં-સ્વદ્રવ્ય લગાડવાનું બંધ કરી દેવું એ બિલકુલ અનુચિત, આત્મઘાતક, અને આ પુસ્તિકાના અભિપ્રાયથી વિપરીત જાણવું.....

પરદ્રવ્યથી (કે દેવદ્રવ્યથી) પૂજા કરનારને પોતાના મન-વચન-કાયા પ્રભુભક્તિમાં જોડવાનો લાભ મળે છે જ્યારે સ્વદ્રવ્યથી પૂજા કરનારને આ ત્રણ ઉપરાંત પોતાનું ધન પણ પ્રભુભક્તિમાં લગાડવાનો વધારાનો અપરંપાર લાભ મળે છે. તથા, પરમાત્માના અનુપમ ઉપકારની સામે સર્વસ્વ સમર્પણ કરી દઈએ તો પણ ઓછું છે, તો વધુમાં વધુ ધન વગેરે સમર્પિત થાય એ તો જોઈએ જ. અને એ પણ પોતાના જ આત્મહિત માટે છે... એટલે જેટલું વધુ પ્રભુચરણે સમર્પિત કર્યું એટલું વધારે લાભમાં...

પ્રભુભક્તિમાં નહીં વપરાયેલું દ્રવ્ય સંસારના ભોગવિલાસમાં જઈ વધુ પાપ કરાવીને દુર્ગતિના રવાડે ચડાવી દે એ પૂર્ણતયા શક્ય છે.

આવી અનેક વાસ્તવિકતાઓને નજરમાં લઈ પ્રભુભક્તિમાં વધુ ને વધુ સ્વદ્રવ્ય જોડવાનો હિતકર નિર્ણય દરેક શ્રાવકે કરવો જ જોઈએ.

**પ્રશ્ન : પણ અનેક શાસ્ત્રપાઠો અને તદનુસાર તર્કોના બળે જો તમે આ પુસ્તિકામાં દેવદ્રવ્યથી પણ પ્રભુપૂજા થઈ શકે છે એમ સિદ્ધ કરો છો. એટલે એ વાંચીને કેટલાક શ્રાવકો તો સ્વદ્રવ્યથી પૂજા કરવાનું બંધ પણ કરી દે એવું શું સંભવિત નથી ? અને એટલે જ 'દેવદ્રવ્યથી પણ પ્રભુભક્તિ થઈ શકે છે' એ વાત શાસ્ત્રસિદ્ધ હોવા છતાં શ્રાવકો સમક્ષ મૂકવી ન જોઈએ... એ ઉચિત નથી લાગતું ?**

ઉત્તર : પ્રભુભક્તિ સ્વદ્રવ્યથી કરવાની છોડી દેવી અને દેવદ્રવ્યથી કરવી એવું આ પુસ્તિકાનું તાત્પર્ય નથી એ કોઈ પણ સુજ્ઞજનને પ્રતીત થયા વિના નહીં રહે. છતાં, કોઈ આનો અર્થ આવો કરે તો એ એની મૂઢતા છે.

માનવભવમાં મહાવ્રતો સ્વીકારી શ્રેષ્ઠ આરાધના કરવી જ જોઈએ.. એવી શક્તિ ન હોય અથવા એટલો ભાવોલ્લાસ ન હોય તો, અણુવ્રતાદિ સ્વીકારી દેશવિરતિની આરાધના કરવી જ જોઈએ... એ પણ ન બને તો સમ્યક્ત્વની આરાધના કરવી જ જોઈએ... એ પણ શક્ય ન બને તો છેવટે માર્ગાનુસારિતાની આરાધના પણ કરવી જ જોઈએ... પણ આરાધના તો કરવી જ... આરાધનાથી વંચિત ન રહેવું...

આવી શાસ્ત્રસિદ્ધ વાતો પરથી, કોઈ સાધુ મહારાજ, શ્રાવકપણું વગેરે પણ આરાધના જ છે ને, ને શાસ્ત્રમાં દર્શાવેલી જ છે ને, તો આપણે સાધુપણાના કષ્ટો ઊઠાવવાની શી જરૂર છે ? એમ વિચારી સાધુપણું છોડવા તૈયાર થઈ જાય.... કે કોઈ દીક્ષા લેવાની ભાવનાવાળો થયેલો મુમુક્ષુ દીક્ષાનો વિચાર માંડવાળ કરે તો એ બિલકુલ અનુચિત છે.... આ શું સમજાવવું પડે એમ છે ?

એમ, છેવટે દેવદ્રવ્યથી તો દેવદ્રવ્યથી, પણ ભક્તિ તો કરવી જ જોઈએ... એવી શાસ્ત્રસિદ્ધ વાતને જાણી કોઈ સ્વદ્રવ્યથી ભક્તિ કરવાનું છોડી દે એ બિલકુલ અનુચિત છે જ એ શું સમજાવવું પડે એમ છે ?

આ તો, "મહાવ્રતો લો તો જ આરાધના, અણુવ્રત વગેરે આરાધનારૂપ છે જ નહીં... ભયંકર વિરાધના રૂપ જ છે..." વગેરે વાતોનો જોરશોરથી પ્રચાર થતો હોય તો, "અણુવ્રત વગેરે પણ આરાધના રૂપ છે જ, વિરાધના રૂપ નથી." એવું શાસ્ત્રપાઠોના આધારે તર્કો દ્વારા સિદ્ધ કરવું જેમ આવશ્યક બની જાય એમ "પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી થતી પૂજા જિનાજ્ઞાભંગ-વિરાધનારૂપ જ છે, આરાધનારૂપ નથી..." વગેરે જોરશોરથી પ્રચાર થાય છે. તો, "પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી પણ થતી પૂજા વિરાધનારૂપ નથી-પણ હિતકર છે." એવી શાસ્ત્રસિદ્ધ તર્કસંગત્ત વાતને રજુ કરવી શું આવશ્યક ન બને ?

પરમપવિત્ર શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ પ્રસ્તુત થયું હોય તો તેનું મિચ્છામિ દુક્કડમ્.....ગીતાર્થ મહાત્માઓને એની શુદ્ધિ કરવા વિનમ્ર વિનંતી...

**શુભં ભવતુ શ્રીશ્રમણસંઘસ્ય.........**

મૂલ

**લેસર ટાઈપ સેટીંગ**
સાઈનઆર્ટ કોમ્પ્યુગ્રાફીક્સ ટે.નં.-૬૬૩૯૨૩૨